

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*ક્યાય સરહદો, ચીન-સત્તાક, ઉજવી નાખો!*
*કાશ્મીરમાં 'નાટક' પ્રજા-સત્તાક ભજવી નાખો!*
*લજવી નાખો 'ધ્વજ-વંદન' નો પવિત્ર-પ્રસંગ -*
*ભાષણો વાંચી વાંચી રાષ્ટ્ર ગૌરવ ગજવી નાખો !*

હાઈકુ

*'જય ભારત'!*
*જેટલું છે એટલું -*
*'પ્રજા-સત્તાક'!*
*(પ્રજા અને શહીદોને વંદન)*

*'ખરી કૂંપળ'*
*'મુજ વીતી વિતશે'*
*ફળ્યો નિશ્વાસ?*
*(વજુભાઈ કર્ણાટકી)*

### ચિંતન

*ત્રિભિઃ સંધિ એત્યઃ*

ઉપરોક્ત સૂત્ર કઠોપનિષદમાંથી લેવામાં આવેલ છે.

માતાપિતા અને આચાર્ય આ ત્રણેયથી મનુષ્ય સંસ્કાર સંપન્ન થાય છે, આ રીતે સંપન્ન બનીને ત્રિકર્મકૃત - વૈયક્તિક સામાજિક અને જાગતિક કર્તવ્ય કરીને બધા દુઃખોને દૂર કરી શકે છે.

જે રાજયશાસ્ત્રમાં જ્ઞાન વધારવાનો આવો સુપ્રબંધ હોય, જ્યાં બધાં લોકો આ રીતે પ્રબંધ કરતાં હોય ત્યાં બધાને સ્વર્ગીય સુખ મળે છે. એમાં સંદેહ નથી, અહીં એવું કહ્યું છે કે રાષ્ટ્રનું શિક્ષણ, વિદ્યાદાનની વ્યવસ્થા ઉત્તમ હોય, કુટુંબ વ્યવસ્થા સ્થિર રહે, અધ્યાપનનો પ્રબંધ નિર્વિઘ્ન પણે થતો રહે, બધા પોતાના કર્તવ્ય ઉત્તમ રીતે કર્યા કરે, કોઈ કોઈની ઉન્નતિમાં વિઘ્ન ન નાંખે તો આ સુખ પૃથ્વી પર મળી શકે છે.

જીવનમાં જન્મ સાથે માતા-પિતા અને ગુરુનું ઋણ ચઢે છે. શિક્ષણ અને સંસ્કાર જીવનમાં ખૂબ મહત્ત્વના છે અને તે આપણને આ ત્રણ દ્વારા મળે છે માટે આપણ તેના જીવનભરના ઋણી છીએ.

### સુવિચાર

- આપણી આવશ્યકતા જેટલી ઓછી હશે એટલા આપણે ઈશ્વરની નજીક હોઈશું - **સોક્રેટિસ**
- આનંદ-ખુશી પરિશ્રમમાંથી પેદા થાય છે, સ્વચ્છંદ કે પ્રમાદમાંથી નહીં - **જહોન રસ્કિન**
- કહેવાય છે કે પાડોશીની મરઘી હંસ જેવી જણાય છે - **માદામ લુઝીકા**
- જો કાયદો કેવળ રાજયના અધિકારીઓ પાસે રહે તો કાયદાનો તાત્કાલિક અંત આવી જશે - **હર્બટ હુબર**
- ક્રુધ થવાનો અર્થ બીજાઓની ખામીનો બદલો પોતાની જાત પર લેવો - **પોપ જહોન**
- તે જીવન જીવવાની કળા ભૂલી ગયા છે જે નવા મિત્રો બનાવી શકતા નથી - **જનકલ્યાણ**
- આજનું ઔષધ : મોં ની દુર્ગંધમાં જાંબુના ઠળિયાનો મોંમાં રાખી ચાવીને રસ થોડીવાર મોંમાં રાખી મુકવાથી તરત ફેર દેખાય છે. ***(સંકલન : દિપક વી. આશરા)***

### બોધકથા

હજરત ખલીલનો સંકલ્પ હતો કે કોઈને જમાડ્યા વિના પોતે જમતા નહિ. એક દિવસ આખા ગામમાંથી કોઈ એવું મળ્યું જ નહિં કે જે ભૂખ્યું હોય. આણ વ્રત પાળવા માટે તેઓ પણ ન જમ્યા. બે-દિવસ પસાર થઈ ગયા હવે હજરત ગામમાં શોધવા નીકળી પડ્યા. તેમણે રસ્તામાં એક ઘરડા વ્યક્તિ મળ્યાં. હજરતે તેમને ઘરે આવવા અને જમી લેવા વિનંતી કરી.

ઘરડા વ્યક્તિએ હા પાડી એટલે એમને ઘરે લાવ્યા. અને તેમને જમવાનું પીરસ્યું. ઘરડો માણસ જેવો રોટલી મોંમાં મૂકવા લાગ્યો ત્યારે હજરત ખલીલે તેમને ટોક્તાં કહ્યું, 'તને ખુદાનું નામ તો લીધું નહિં, આપણને જમવાનું આપનાર ખુદાનો આપણે જમતા પહેલાં આભાર માનવો જોઈએ.' ઘરણા માણસે જવાબ આપ્યો, 'તમને ખુદામાં ભરોસો નથી?' આ સાંભળી હજરત ગુસ્સે થઈ ગયા અને પેલા પાસેથી જમવાની થાળી લઈ લીધી...' રાત્રે ભૂખ્યા સૂઈ ગયા ત્યાં સપનામાં તેમને ખુદા દેખાયા. ખુદાએ કહ્યું, 'ખલીલ, મેં પેલા ઘરડા માણસને આખી જિંદગી જમવાનું આપ્યું અને તું એને એક દિવસ પણ જમાડી ન શક્યો.' આવું સાંભળી હજરતનું હૃદય પસ્તાવાથી ભરાઈ ગયું. તેમને અનુભૂતિ થઈ કે દરેક માણસમાં ખુદાનો જ તો વાસ છે, પછી કોઈની પાસેથી ભોજન છીનવી લેવાનો હક તેમને કેવી રીતે હોઈ શકે ?

ત્યારબાદ તેમણે પ્રણ લીધું અને આખી જિંદગી રોજ સાંજે દરેક ગરીબને ભોજન કરાવવાનું સદાવ્રત શરું કર્યું.

# પ્રજાસત્તાક પર્વ અને આપણી પરિપક્વતા

*તંત્રીસ્થાનેથી...*

આઝાદી મળ્યા પછી ભારતના નાગરિકોને સ્વતંત્ર રાષ્ટ્રના નાગરિકો તરીકેના સાર્વભૌમ અધિકારો આપતું બંધારણ અમલમાં આવ્યું તે પવિત્ર દિવસને દેશ પ્રજાસત્તાક પર્વ સ્વરુપે ઊજવે એછે. ૨૬ જાન્યુઆરી, ૧૯૫૦નો દિવસ ભારતીય ઈતિહાસમાં ૧૫ ઑગસ્ટ, ૧૯૪૭ જેટલો જ અગત્યનો અને સીમાચિહ્ન સમો છે. આ બેઉ દિવસો ઉપરાંત રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના જન્મદિવસ ૨ ઑકટોબરને પણ આપણે રાષ્ટ્રીય પર્વ તરીકે ઊજવીએ છીએ. રાષ્ટ્રીય પર્વોને વર્ષોથી સંસ્કારોમાં વણાઈ ગયેલાં ધાર્મિક પર્વો જેટલી નિષ્ઠા અને ઉમળકાથી સ્વીકારી શક્યો નથી તે આપણી મોટી મર્યાદા બની રહેલ છે. આ ત્રણેય દિવસોએ દેશમાં રજા પળાય છે અને શાળા-કૉલેજો, બેન્કો તથા સરકારી કાર્યાલયો બંધ રહે છે, એટલું જ નહીં, અખબારી કાર્યાલયોમાં પણ રજા રહે છે. આથી આ બધા ઉપક્રમો ફક્ત સરકારી અનુષ્ઠાન જ બની રહે છે. વડાપ્રધાન પંદરમી ઑગસ્ટે લાલ કિલ્લા પરથી રાષ્ટ્ર્ધ્વજ ફરકાવી લાંબુ લચ્ચ સંબોધન કરે છે અને છવ્વીસમી જાન્યુઆરીના પ્રજાસત્તાક પર્વની પૂર્વ સંધ્યાએ દેશના બંધારણીય વડા તથા પ્રથમ નાગરિક એવા રાષ્ટ્રપતિ પ્રજાજોગ સંદેશો આપે છે. પ્રજાસત્તાક દિવસે વિવિધ સ્થળોએ ધ્વજવંદનના કાર્યક્રમો યોજાય છે એમાં પણ ચૂંટાયેલા પ્રતિનિધિઓ કરતાં બંધારણીય હોદ્દો ધરાવતા રાજયપાલોનો વિશેષ દબદબો રહે છે. આ પરંપરા વર્ષોથી ચાલે છે. વર્ષોથી આ પ્રસંગે વીર બાળકોથી લઈ સોના અને પાોલીસદળના પરાક્રમી જવાનોનું સન્માન કરાય છે, એમની પરેડ યોજાય છે. રાજપથ પર યોજાતી આ પરેડ આપણી સૈન્ય શક્તિનું અને પ્રગતિનું પ્રદર્શન બની રહે છે. દિલ્હી ખાતે આ પરેડ નિહાળવા જરૂર મોટી સંખ્યામાં લોકો ઊમટે પણ છે. વળી એ દિવસના મુખ્ય અતિથિ તરીકે કોઈ વિદેશ મહાનુભાવની પણ ઉપસ્થિતિ પ્રેરક બની રહે છે. આ જ દિવસે વવિવિધ ક્ષેત્રોની વિશિષ્ટ હસ્તીઓને પદ્મ એવૉર્ડ જાહેર કરાતા રહ્યા છે. આટલા બધા કમઠાણ પછી પણ પ્રજાસત્તાક પર્વ રાજકીય સ્તરે એના પરંપરાગત ઉત્સવો જેટલું લોકપ્રિય કેમ નથી બની શક્યું તે ગંભીરતાપૂર્વક વિચારલાયક મુદ્દો છે. પ્રજા તરીકે આપણે હજી પરિપક્વ નથી અને 'રાષ્ટ્ર' પ્રત્યે જે નિષ્ઠા કે સમર્પણભાવ કેળવાવો જોઈએ તે આટલાં વર્ષો પછી પણ આપણામાં પૂરોપૂરો કેળવાયો નથી, તે એક નક્કર હકીકત છે. આપણે જે ઉમળકાથી જન્માષ્ટમી, મકરસંક્રાતિ કે નવરાત્રી - દીપોત્સવી અને હોળી - ધુળેટી ઊજવીએ છીએ, ઈદ મનાવીએ છીએ, ગુરુપરબ (ગુરુ નાનક જયંતી) કે મહાવીર જયંતી અને પર્યુષણ પર્વ ઊજવીએ છીએ એની સરખામણીએ આઝાદી કે પ્રજાસત્તાક દિવસ ફક્ત એક સરકારી અને મહંદશે સત્તાધારી પક્ષે પ્રેરિત રાજકીય કર્મકાંડ જ બની રહે છે. જાપાન, ચીન અને અમેરિકા કે યુરોપના દેશોમાં પ્રજાકીય સ્તરે રાષ્ટ્રીય પર્વો પ્રત્યે જે જાગૃતિ જોવા મળે છે એથી સોમા ભાગની જાગૃતિ વિશ્વની જૂનામાં જૂની સંસ્કૃતિ ધરાવતા આપણા દેશમાં આટલાં વર્ષો પછી પણ ન પ્રગટી હોય તો તે ખરે જ ચિંતાનો વિષય ગણાવો જોઈએ. સૌને પ્રજાસત્તાક દિનની હાર્દિક શુભકામનાઓ.

# પાપનો બાપ લોભ





આ સંસારમાં લોભ એ એ બહુ મોટો અવગુણ છે. ચુગલીખોરી મોટું પાપ છે. સત્ય મોટું તપ છે. અને મનની પવિત્રતા બધા જ તીર્થો કરતાં ઉત્તમ છે. સજ્જનતા એ મહાગુણ છે. યશ એ સર્વોત્તમ આભૂષણ છે. ઉત્તમ વિદ્યા એ સર્વોત્કૃષ્ટ ધન છે. અને અપયશ એ મૃત્યુ સમાન કષ્ટદાયક છે. જો માણસમાં લોભ છે તો બીજા અવગુણની જરૂર નથી. લોભ બધા અવગુણોનો બાપ છે. પહેલાના જમાનામાં પાર્લામેન્ટ (લોકસભા) નહોતી પણ રાજસભા હતી, તેમાં રાજા ભણેલા, વિદ્વાન, પંડિતોને આમંત્રણ આપીને ન્યાય કરવા માટે બોલાવતો. આવી એક રાજસભામાં રાજાએ પંડિતોને પૂછ્યું 'મહાનુભાવો પાપનો બાપ કોણ?' વડા પંડિત ઉદાસ ચહેરે ઘેર ગયા. એમને જવાબ મળ્યો ન હતો. એમણે બીજા પંડિતોએ ઉપનિષદો, વેદો, પુરાણો વાંચ્યા પણ જવાબ મળ્યો ન હતો. મોં ઉપરની મૂંઝવણ જોઈ દીકરીએ મુખ્ય પંડિત એવા પિતાને પૂછ્યું: 'પિતાજી શું થયુ છે?' પિતાએ રાજાએ કરેલો પ્રશ્ન કહ્યો. દિકરીએ કહ્યુ : 'પિતાજી આનો જવાબ હું આપીશ મને રાજા પાસે લઈ જાવ'. પંડિત દિકરીને રાજા પાસે લઈ ગયો. દીકરીએ રાજાને કહ્યું : 'મહારાજ, પાપનો બાપ છે લોભ. લોભ મનમાં પહેલા પ્રવેશે છે પછી તેમાં પાપનો જન્મ થાય છે. જેમ કે ગાય કે ભેંસ પોતાના દૂધમાં પાણી ભાળવીને નથી આપતી, પણ માણસ એ દૂધમાં પાણી ભેળવે છે.' રાજા ભર્તૃહરિ કહે છે કે : 'માણસ ઢગલો તપ કરતો હોય પણ તેની અંદર જો લોભ હશે તો તે તપ, અનુષ્ટાન કરેલા વ્યર્થ જશે.' કેટલાક ડૉક્ટરો પાણીનું ઈંજેક્શન આપી દર્દી પાસેથી પૈસા પડાવી લે છે. ઓપરેશન થિયેટરમાં દર્દીને લઈ ગયા પછી બહાર આવીને ડૉક્ટર દર્દીના સગાંને કહે છે કે દર્દીને જીવલેણ ગાંઠ છે. તેને કાઢવાનો મોટો ખર્ચ આવશે. દર્દીના સગાં ત્યારે શું કરે? હા જ કહેને. લોભ આવું દુષ્ટ કૃત્ય કરાવે છે. તેથી કહે છે કે જો માણસમાં લોભ છે તો બીજા અવગુણો ન હોય તો પણ શું? લોભ આવો ભયંકર છે.

અહંકાર સારો તો નથી જ, પણ લોભ કરતાં તો સારો છે. ક્રોધ પણ ખરાબ છે પણ તે લોભ કરતાં સારો છે. અનીતિ, અન્યાય, ઓછું આપવું, છીનવી તેવાં એ તમામ લોભનાં જ લક્ષણો છે. સરકારી અમલદારોને સારો પગાર મળતો હોવા છતાં, લોભ વશ થઈને લાંચ લીધા વિના કામ કરતા નથી. આમ સર્વ પાપોનું મૂળ લોભ છે. હજારો નદીઓ તરિયામાં ઢલવાય છે છતાં, દરિયો કદી ઉભરાતો નથી. પરંતુ માણસ પાસે જરૂર કરતા વધુ ધન ભેગું થાય તો તે છકી જાય છેય જો માણસે શાંત, પ્રસન્ન અને નિષ્પાપ જીવન જીવવું હોય તો પોતાના જીવનમાં લોભ પ્રવેશ નહિ કરવા દેવો જોઈએ. ગૃહસ્થ જીવનમાં લોભને પ્રવેશ નહિ કરવા દેવો જોઈએ. ગૃહસ્થના જીવનમાં વ્યવહારમાં ધનતો જોઈશે જ, પણ જો તેનામાં વિવેક હશે તો જરૂર જેટલું જ અને ન્યાયથી મેળવવાનો પ્રયાસ કરશે. માણસ ગમે તેટલું તપ અને અનુષ્ઠાન કરતો હોય તો પણ તેનાં મનમાં જો લોભ હશે તો તે અશાંતિને દૂર નહિ કરી શકે, શાંતિને પામી નહિ શકે. લોભ જેવો મોટો દોષ પિશુનતા છે. પિશુનતા એટલે ચાડી, ઘર, ધંધો, ઑફિસ, સમાજ બધે જ આ ચાડીનું સ્વરુપ છવાયેલું છે. તેને પરિણામે કયાંક સારું કામ થઈ શકતું નથી. વ્યવસ્થિત કામ થઈ શકતું નથી. તેથી જ ભર્તૃહરિ કહે છે કે : માણસમાં ચાડી - ચુગલીની ટેવ હોય તો બીજા અવગુણ ન હોય તો પણ શું ? ચાડી - ચુગલીની બીજાને ત્રાસ થાય છે. માણસનું મન જો સાફ હોય તો તેણે તીર્થ કરવાની કોઈ જરૂર નથી. પણ જો સાફ નથી તો સેંકડો તીર્થ કર્યેથી પણ કશું જ વળતું નથી. મનમાં મેલનો ત્યાગ, વાસના, વિકાર-કષાયનો ત્યાગ એ સાચું સ્નાન છે. પાળેલા કૂતરો અડસઢ તીરથ શેઠ સાથો ફરે, એટલી જ નદીઓમાં સ્નાન કરે, તેથી કાંઈ તેનું શ્વાનપણું જતું નથી.



રંગ-ઉમંગ
કાનન ઓઝા

# સિદ્ધરાજ જયસિંહનો જન્મ કયા સ્થળે થયો હતો ?

## ગુજરાતનો ઈતિહાસ

૧ અલ્લાઉદ્દીન ખિલજીએ સોમનાથનું મંદિર ક્યારે તોડ્યું હતું ?
(અ) ૧૨૫૦ ઈ.સ. (બ) ૧૨૯૭ ઈ.સ.
(ક) ૧૩૧૦ ઈ.સ. (ડ) ૧૩૯૭ ઈ.સ.

૨ ગાંધીજી કોનો કેસ લડવા દ. આફ્રિકા ગયા હતા ?
(અ) શેઠ અબ્દુલ્લા (બ) શેઠ ફારૂક
(ક) શેટ રસુલમિયાં (ડ) ગની શેઠ

૩ કયા મુઘલ બાદશાહે ગુજરાતમાં પંચાંગો બનાવવા પર પ્રતિબંધ મૂક્યો હતો?
(અ) અહમદ શાહે (બ) મહંમદ બેગડાએ
(ક) મુઝફ્ફર શાહે (ડ) ઔરંગઝેબે

૪ ગુજરાતમાં ભાગ-બટાઈની જગ્યાએ રોકડ મહેસૂલની શરુઆત કોણે કરાવી હતી ?
(અ) ઈતિમાદ ખાને (બ) ટોડરમલે
(ક) મુઝફર શાહે (ડ) કર્ણદેવ વાઘેલાએ

૫ અકબરે ગુજરાત પર વિજય કયારે મેળવ્યો હતો ?
(અ) ઈ.સ. ૧૫૭૨ (બ) ઈ.સ. ૧૫૯૦
(ક) ઈ.સ. ૧૬૭૨ (ડ) ઈ.સ. ૧૬૯૦

૬ કોંગ્રેસના કયા અધિવેશનમાં કોંગ્રેસના બે ભાગલાં પડ્યા હતા ?
(અ) મુંબઈ (બ) દિલ્હી
(ક) કલકત્તા (ડ) સુરત

૭ જયશિખરી કયાં રાજય કરતો હતો ?
(અ) પાટણ (બ) ચંદ્રપુર
(ક) પંચાસર (ડ) વડોદરા

૮ ઈ.સ. ૧૭૨૩માં ભાવસિંહજી પ્રથમે કયા શહેરની સ્થાપના કરી હતી?
(અ) ભાવનગર (બ) ગાંડલ
(ક) વલ્લભીપુર (ડ) રાણપુર

૯ ૧૮૫૭ના સંગ્રામના કયા નેતાએ સંગ્રામમાં જોડાવા માટે ગુજરાતની મુલાકાત લીધી હતી?
(અ) મંગલ પાંડે (બ) ટીપુ સુલતાન
(ક) તાત્યા ટોપે (ડ) સિંધીયા

૧૦ નાગરોની કાન ભંભેરણીથી જૂનાગઢના કયા રાજાએ નરસિંહ મહેતાના કેદ કર્યા હતા?
(અ) રા-નવઘણ (બ) રા'માંડલિક
(ક) જયસિંહ (ડ) મૂળરાજ સોલંકી

૧૧ કયા શાસકે ગુજરાતની રાજધાની પાટણથી ધોળકામાં ખસેડી હતી ?
(અ) સિદ્ધરાજ જયસિંહ (બ) મીનળદેવે
(ક) કુમારપાળ (ડ) વીરધવલે

૧૨ રાવણવધ મહાકાવ્યમાં રચયિતા સંસ્કૃત કવિ ભટ્ટિનું કર્મ સ્થળ કયું હતું ?
(અ) વલભીપુર (બ) પાટણ
(ક) પાલીતાણા (ડ) જૂનાગઢ

૧૩ બૈજુ બાવરાનું મૂળનાથ શું હતું ?
(અ) પંડિત રાજનાથ (બ) પંડિત વૈજનાથ મિશ્ર
(ક) કવિ પાલ (ડ) પંડિત યદુનાથ

૧૪ સિદ્ધરાજ જયસિંહનો જન્મ કયા સ્થળે થયો હતો ?
(અ) સિદ્ધપુર (બ) પાટણ
(ક) પાલનપુર (ડ) માંગરોળ

૧૫ રૂદ્ર મહાલય બાંધવાનો પ્રારંભ કોણે કર્યો હતો?
(અ) ભીમદેવ (બ) મૂળરાજ સોલંકી
(ક) સિદ્ધરાજ સોલંકી (ડ) કુમારપાળે

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા મહાનુભાવોના જન્મ દિવસ**

- **૨૬ જાન્યુઆરી ૧૯૨૧ : અકિયો મોરિટા :** જાપાનમાં જન્મેલા અકિયો મોરાટા સ્નાતક થઈ ૧૯૪૪માં નૌકાદળમાં જોડાયા. તેમણે પ્રાધ્યાપકની નોકરી સાથે સંશોધન સંસ્થામાં કામ કર્યું. ૧૯૫૦માં ટેપ રેકોર્ડર અને ૧૯૫૭માં ટ્રાન્ઝીસ્ટર રેડિયો બનાવીને. ૧૯૬૦માં 'સોની કોર્પોરેશન'ની સ્થાપના કરી. દુનિયાને 'સોની' બ્રાન્ડનાં ઉત્તમ ઉપકરણો આપ્યાં.
- **૨૮ જાન્યુઆરી ૧૮૬૫ : લાલા લજપતરાય :** પ્રભાવશાળી અને નવયુવાનોના હૃદયમાં સ્થાન ધરાવનાર લાલા લજપતરાય સ્નાતકનો અભ્યાસ કરી વકીલાત શરૂ કરી. પુનામાં ફાટી નીકળેલ પ્લેગનાં સમયે, દુષ્કાળમાં લોકોને મદદ કરી. 'પંજાબી' મુખપત્ર દ્વારા અંગ્રેજો સામે લડાઈ લડ્યા. 'ગોરી બાલ્કી', 'છત્રપતિ શિવાજી', 'શ્રદ્ધાનંદજી', 'શ્રીકૃષ્ણ', એમ ચાર પુસ્તકો લખ્યાં. ૧૯૨૮માં અવસાન થયું.
- **૨૯ જાન્યુઆરી ૧૯૧૨ : ચારુમતિ રામપ્રસાદ યોદ્ધા :** અમદાવાદમાં જન્મ થયો હતો. સમાજમાં સ્ત્રીઓને સમ્માન મળે અને સ્ત્રીઓ સ્વનિર્ભર બને તે માટે જયોતિ સંઘના નેજા હેઠળ અનેક સ્ત્રીઓને રોજી આપી. તથા સ્ત્રીઓ સાથે થતા અન્યાય માટે વિરાંગના બની લડ્યા. ૧૯૮૧માં અવસાન થયું.
- **૩૦ જાન્યુઆરી ૧૯૧૯ : અમૃતા શેરગિલ :** હંગેરી દેશની રાજધાની બુડાપેસ્ટમાં જન્મેલી અમૃતા શેરગીલ ચિત્રકલામાં પારંગત હતા. નાનપણથી તેમણે દોરેલા ચિત્રો અનેક કલાપ્રેમીઓના હૃદયને સ્પર્શી ગયાં હતા. પેરિસ જઈ ચિત્રકલાનું શિક્ષણ લીધું. તેમનું જાણીતું ચિત્ર 'મધર ઈન્ડિયા' છે. ૧૯૪૧માં આ મેધાવી કલાકાર ૨૯ વર્ષની વયે દુનિયા છોડી ચાલી ગયાં.
- **૧ ફેબ્રુઆરી ૧૯૨૬ : વેણીભાઈ પુરોહિત :** તેમનો જન્મ જામખંભાળીયામાં થયો હતો. પત્રરકારત્વના વ્યવસાય સાથે મુંબઈમાં સ્થાયી થયા. તેમણે લખેલી કવિતાઓ, 'અંતરના દીવા'માં સંગ્રહિત છે. 'સિંજારવ', 'દીપ્તી', 'આચમન' તેમના જાણીતા કાવ્યસંગ્રહો છે. તેમનાં ભજનો પણ લોકપ્રિય છે.

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**કયા નેતા ઉત્તર પ્રદેશના નાયબ મુખ્યમંત્રી છે ?**

**જવાબ : કેશવ પ્રસાદ મૌર્ય અને દિનેશ શર્મા**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત એમ. રાવલ : સે-૭ડી, ૧૨૨૨/૨
(૨) જયેન્દ્ર પ્રસાદ પાઠક : સે-૬બી
(૩) નટુભાઈ દરજી : પેથાપુર
(૪) મૂળજીભાઈ પરમાર 'દધિ' : સે-૬
(૫) મહેશ એમ. જાદવ : ગૂજરાત વિદ્યાપીઠ
(૬) વિવેક પી. મકવાણા : સે-૨૪
(૭) હાર્દિક એન. ભટ્ટ : સે-૨૪
(૮) ચંદુભાઈ. પટેલ - સે-૨૭



ખજાનો
અનિલ પટેલ

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**મધ્યપ્રદેશના ગર્વનર તરીકે કોને ખસેડીને આનંદીબેનને રાજયપાલ બનાવવામાં આવ્યા ?**

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ,**

**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# વસંત પંચમીએ સરસ્વતી પૂજનનો મહિમા



અમર વારસો
ડૉ. રશ્મિકાન્ત મહેતા

પ્રજાપિતા બ્રહ્માએ સૃષ્ટિનું સર્જન તો કર્યું, પરંતુ તેને સંતોષ ન હતો. તેણે ઊણપ લાગતી હતી. ઊણપ હતી - સાહિત્ય, સંગીત વગેરે કલાઓથી પ્રાપ્ત થતા આનંદની; વિદ્યાભ્યાસથી પ્રાપ્ત થતા જ્ઞાનની. આથી એમણે પોતાના કમંડલમાંથી જમણે હાથે જળ લઈને ભૂમિ પર છાંટ્યું. તો તેમાંથી દેવી સરસ્વતી પ્રગટ્યાં. એમણે શ્વેત વસ્ત્રો સજેલા, ચાર હાથમાંથી એકમાં વીણા, એકમાં પુસ્તક, એકમાં માળા એન ચોથો હાથ વરદાનની મુદ્રામાં હતો. શ્વેત પદ્મ ઉપર બીરાજેલા. શ્વેત હંસ વાહન રુપે હતો. દેવોએ એમને વંદન કર્યા. એમનાં પ્રાર્દુભાવથી હવે ઊણપ પૂરી થઈ. આ ઘટના મહાસુદ પાંમચે -વસંત પંચમીના દિવસે બની. શ્રીકૃષ્ણએ મંગળવાણી ઉચ્ચારી કે હવે પછી વસંત પાંચમે જે કોઈ સરસ્વતીની ઉપાસના કરશે; તેને સાહિત્ય વગેરે કલાઓમાં નિપુર્ણતા પ્રાપ્ત થશે; વિદ્યાભ્યાસ દ્વારા જ્ઞાનપ્રાપ્તિ થશે.

સરસ્વતી બ્રહ્માની પુત્રી થયા. એ રીતે દેવર્ષિ નારદનાં બહેન થયા. વર્ષમાં નવરાત્રિ ચાર હોય; તેમાં મહામાસનાં નવરાત્રિ દેવી સરસ્વતીની ઉપાસનાના છે. અર્થાત્, મહામાસના શુક્લ પક્ષનાં પ્રારંભનાં નવ દિવસો તો ખરાં; પરંતુ તેમાં પણ વસંતપંચમીના દિવસે સરસ્વતી પૂજનનો વિશેષ મહિમા. આ દિવસ સરસ્વતી જયંતીનો છે.

આ દિવસે 'સરસ્વતી ચાલીસા' નો પાઠ કરવાનો હોય છે. સરસ્વતી ચાલીમાં મંગલાચરણમાં પ્રારંભે દોહરો છે; છેલ્લે સમાનપમાં દોહરો છે. ચાલીસ ચોપાઈઓમાં દેવી સરસ્વતીની સ્તુતિ છે. આમાંની કેટલીક સુંદર ચોપાઈઓ આ પ્રમાણે છે :

(૧) બાળક જો ગુણ ગાવે તેરા,
ઉસ કે કંઠ કરે શ્રુતિ ડેરા.
(૨) દુઃખ હરતી શરણાગત તેરી,
નિજ ભક્તિ દે ઈચ્છા મેરી.
(૩) સ્વર બીણે કી કરે ઉદાસી,
રસિકોં કો દે પદ અવિનાસી.
(૪) બીણે કી સ્વર પ્રેમ સ્વરુપ,
હરતી ભક્તોં કા ભવકૂપ.
(૫) નારદ રસિક ભી વીણા ધરતે,
પ્રસન્નતા લે વિશ્વ વિચરતે
(૬) પૂજા તેરી પુણ્ય બલ દેતી,
પ્યાસે પિતૃઓં કો જલ દેતી.
(૭) ભક્તિ તેરી સ્વર્ગ નિશાની,
સાક્ષી નિશ્ચય ઈશ્વરી બાની.
(૮) સેવા તેરી સબ સુખ મૂલ,
સ્વપ્ન મેં વેધ સકે નહીં શૂલ.
(૯) જિસને આશ્રય લીયા તુમ્હારા
પ્રેમ તત્ત્વ કા પંથ સંવારા.
(૧૦) પશુ સમ નર જો વિદ્યાવિહીન,
પા ન સકેં પદવી સ્વાધીન.
(૧૧) હરિ સમાન હર ઘટ મેં રહતી,
પ્રેમ પુષ્પ સે પૂજન ચાહતી.
(૧૨) પદ ચાલીસા યહ જો જન ગાવેં,
સો જન વચન-સિદ્ધિ કો પાવેં.
(૧૩) સુનતી સુત કી માત ભી, દિવ્ય કા મેં સાત;
મુખ સે આશીર્વાદ દે, પામે વિદ્યા દાન.

